*Save Energy for Benefit of Self and Nation*

UGVCL

Uttar Gujarat Vij Company Ltd.

**Division Office, Nr.Gandhi bag, Patan. Mo.No.96876 33839 CIN – U40102GJ2003SGC042906**

**ADVERTISED TENDER**

PR NO.:- 458415
RFQ NO.:- 64392

Issued to:-
M/s ________________________________________
________________________________________
________________________________________

**Name of Work :- Annul Rate Contract Tender for the Hiring of Vehicle for Patan Rural SDn ( Camper Vehicle) under DO Patan UGVCL**

**Nivida No. :- 059/2021**

| | | |
|---|---|---|
| 1. | Estimate Cost | Rs.11,14,500/- |
| 2. | Earned Money Deposit | Rs. 11200.00 |
| 3. | Online Preliminary, Technical & Price bid i.e. On line (e-tendering) tender/offer submission last date (This is mandatory) | **Date:-12.07.2021 Up to 18.00 Hrs** |
| 4. | Relevant documents (By Registered Post A.D. or Speed Post only) submission date | **On or before date 14.07.2021 Up to 18.00 Hrs** |
| | Date of opening of Tender fee, EMD cover and Technical Bid physical as well as online | **Date: 15.07.2021 up to 12.00 Hrs** |
| | Date of On line Opening of Price Bid (Tentative, if possible) | **Date: 15.07.2021 up to 16.00 Hrs** |
| 5. | Tender Fee | Rs.1180.00 |
| 6 | Tender Type | Item Rate |
| 7 | Time Limit | 2 Years |
| 8 | Security Deposit | 5% order value |

Earnest money deposit will be accepted in cash or by demand draft on any schedule bank at Patan in favor of "UTTAR GUJARAT VIJ COMPANY LIMITED", CHEQUES OR Bank Guarantee will not be accepted. Tender Received through RPAD will be accepted.

**To be filled by the tenderer.**

1. Tender Fee Rs. __________ Paid Vide Receipt No. ____________________ Date.______________
2. EMD Rs. _______________ Paid Vide Receipt No. ____________________ Date.______________

**Division Office, Nr.Gandhi bag, Patan. Mo.No.96876 33839 CIN – U40102GJ2003SGC042906**

3..GST Registration No..________________ ___________ PAN. ________________________________

**Supdt. A/c(Exp)** **Executive Engineer**

**Patan** **Patan**

# SCHEDULE-B

**Name of Work : :- Annul Rate Contract Tender for the Hiring of Vehicle for Patan Rural SDn Camper Vehicle) under DO Patan UGVCL.**

**(PR NO. ______ RFQ NO. ______ )**

Vehicle No.________________________ Year of Vehicle Registration__________________________

GST No. ______________________________________

| Sr. No. | Description | Quantity | Unit | Quoted Rate Per Unit | Amount |
|---|---|---|---|---|---|
| 1. | Up to 3000 Kms per month and minimum 12hours per day | 24 | Nos | | |
| 2. | Rate of extra Kms above 3000 Kms per Kms. | 5000 | Km | | |
| 3. | Night Charge rate per night | 30 | Nos | | |
| 4. | **Total** | | | | |
| 5. | Good & Service Tax ____% (Cost * GST __ %) | | | | |
| 6. | Grand total( 4 column +5 column) | | | | |

**Contractor's Signature With stamp** **Executive Engineer**

**Patan**

**Note:** RTO Registration book, Taxi/Maxi Passing permit certificate, Full Insurance Policy, Road Passing (Fitness certificate, Inspection Report),PUC certificate, Pan card & license of driver to be submitted with tender without this document tender will be rejected.

# -: ગાડી ભાડે રાખવા માટેના નિયમો અને શરતો :-

## Annexture-A

1. Any excess travel of vehicle beyond fixed kilometer per month by the officer in-charge of the vehicle shall under the written /verbal approval of circle head and the same shall be regularized by an officer note giving clear reasons for travelling beyond stipulated kms.
2. All road tolls/bridge tolls shall be reimbursed on production of proof of payment along with monthly bills.
3. All the vehicle excluding administrative office should have been provided the vehicle tracking system (GPS) whose cost is to be borne by contractor. The running cost of vehicle tracking system (GPS) shall be reimbursed on production of proof of payment along with monthly RA bills.
4. The vehicle to be offered for hiring shall be in up to date condition including its tubes, tyres, engine as well as conditions of its outside body. The new vehicle is preferable, however offered vehicle **shall not have been registered before more than 3 years as on the date of opening of tender**. However **in case of very poor response or to be break off the likely cartel, a relaxation can be granted for one year**. However the officers placing an order should ensure that the condition of such vehicle is tiptop.
5. **The period of the contract shall be for 2(two) year. The period further 2(two) year can be extended on mutual agreed terms as per same rates, terms and conditions**. According financial limit will also be increase by circle/corporate office as per their competence. However, in case of poor services provided by the contactor, circle head shall empower to terminate the contact immediately.
6. The contractor shall immunize company's personnel against any claim arising out of accidents or misbehavior of the driver. The vehicle shall be kept properly insured all the time to cover the 3$^{rd}$ party risk and simultaneously immunized company on account of likely claims form public ,police, deptt. etc.
7. The bill for traveling of the vehicle shall be paid on monthly basis.
8. Driver shall preferably below the age of 40 years and never above 55 years. The loading and boarding of driver shall be born by owner.
9. If the contractor fails to provide the vehicle, the deduction form his RA bill shall be made on prorate considering the monthly rate payable with 26 working days per month or actual

amount paid by company to hire alternate vehicle. Whichever is higher. Notice shall be given in writing to contractor/agency for failure in providing vehicle for each day and if any failure more than 10 days in a year will be lead to termination of contract and performance guarantee submitted by contractor/agency will be forfeited.

10. The Driver should be provided with enough money to cover the cost of Diesel, repairs and incidental expenditure while in journey.
11. If contractor fail to execute the order successfully, the order will be got completed though other agency and if required to pay higher rates, in that case difference of rates will be recovered from contractor.
12. Formula for considering price variation – No price variation will be payable on cost of oil/ tyres, tubes etc. Only charges in price of diesel will be adjustable. Quote the prices on the basis of prevailing 15 days before the due date of tender. These basic rates shall be indicated in the offer.
13. For every Ten Paisa increase/decrease in price of fuel, per KM payable price shall go up by/down one paisa. This will be applicable to the actual KM travelled during the month.
14. Night charges should be paid if the night stay is more than 4 hours during night and for less than 4 hours no any night charges to be given.
15. DOP is silent for accepting tender with above % compared to estimated rates. For uniformity , particularly for vehicle hiring tender accept above rate up to 5 % with approval of concerned SE circle office, up to 10% CE in concurrence with GM(F) and above 10% Hon'ble MD have full powers.
16. Evaluation of tender shall be done on the basis of end cost (Basic Price +GST) for Monthly Fix kilometer charges of vehicle.
17. Order shall be issued at basic price where GST is quote @5%. In case GST is quoted @12%, order shall be inclusive of GST amount only.
18. Where supplier /contractor of vehicle is unregistered, order shall be issued at basic price and deemed GST @5% need to consider for evaluation purpose.

## Annexture-B

પાટણ વિભાગીય કચેરી અને તેના તાબા હેઠળ આવતીકચેરીઓ માટે બંધ બોડીની ટેક્ષી / મેક્ષી પાસીંગ બોલેરો જીપ ગાડી વાર્ષિક ધોરણે ભાડે રાખવા અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે. જે ભાડે આપનાર ઠેકેદાર (એક બાજુવાળા) અને ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ,પાટણ (બીજી બાજુવાળા) એ કંપની સાથે રૂ. ૩૦૦ નો કરારખત અને રૂ. ૩૦૦ નો બોન્ડ કરવાનો રહેશે.

1. ગાડી જીપ ફેરવવાનું કાર્યક્ષેત્ર ગુજરાતભરમાં કોઈપણ જગ્યાએ લઈ જવાની રહેશે જેથી જીપ (ટેક્ષી) તમારા લાયસન્સ ધરાવતા અનુભવી ડ્રાઇવર સાથે કોન્ટ્રાક્ટ ઉપર ભાડે આપવાની રહેશે.
2. આર.ટી.ઓ ના નિયમો અનુસાર આપની જીપ(ટેક્ષી) ઓન રોડ હોવી જરૂરી છે. તથા તેને લગતા તમામ ટેક્ષ, ઇન્સ્યોરન્સ,ટેક્ષી/મેક્ષી પરમિટ વગેરે પૂરા ટાઇમના ભરેલા હોવા જોઈએ તેમજ પોલીસ ખાતા / આર.ટી.ઓ. મારફત જે કઇ કાર્યવાહી થાય તેની બધી જ જવાબદારી આપના શીરે રહેશે.
3. વાહન માટે જરૂરી દસ્તાવેજો જેવા કે આર.સી. બુકની નકલ, સંપુર્ણ વીમા પોલિસી, ટેક્ષી/મેક્ષી પાર્સિંગ સર્ટિફિકેટ, રોડ પાર્સિંગ સર્ટિફિકેટ (ફિટનેશ સર્ટિફિકેટ, ઇન્સ્પેક્શન રિપોર્ટ), કોન્ટ્રાક્ટ કેરીજ પરમીટ, ડ્રાઇવિંગ લાયસન્સ બેઝ વાળું,પી.યુ.સી. સર્ટિફિકેટ,પાન કાર્ડની નકલ,ચૂંટણી કાર્ડ ની નકલ ફરજીયાત પૂરા પાડવાના રહેશે.
4. કંપનીના નિયમ અનુસાર તેમજ નિયુકત કરેલ અધિકૃત અધિકારીની સુચના અનુસાર જીપ પાકા અથવા કાચા રસ્તા પર ચલાવવાની રહેશે. તેમજ તેમની સુચના અનુસાર રાત્રિ રોકાણ કરવાનુ રહેશે.
5. કંપનીના નિયમ અનુસાર કિલોમીટર તથા કામગીરી અંગેની લોગબૂક આપે ફરજીયાત પણે રાખવાની રહેશે. જે ઠેકેદારના બીલની ચુકવણી માટે અધિકૃત રેકર્ડ ગણાશે. તે રેકર્ડમાં કંપનીએ અધિકૃત કરેલ અધિકારીની સહી કરેલ હોવી જરૂરી છે તથા લોગબૂકમાં ૧ થી ૩૧ તારીખ સુધીની તમામ વિગત તથા કર્મચારીની વિગત, કામગીરીનું સ્થળ, મુસાફરીનો હેતુ વગેરે સવિસ્તર તથા સુવાચ્ય અક્ષરે લખવાનું રહેશે. જે તે દિવસે મુસાફરીશરૂ થતાં ઇન્ડેન્ટ ભરવું ફરજિયાત છે, તથા

મુસાફરી પૂરી થયેથી મુસાફરી કરનાર અધિકારીશ્રી/કર્મચારીઓની ઇન્ડેન્ટમાં સહી કરવવાની જવાબદારી ડ્રાઇવરની રહેશે,તથા તે ઇન્ડેન્ટ મોડામાં મોડા કામકાજના બીજા દિવસે જવાબદાર અધિકારીશ્રી ને આપવાનારહેશે.

6. કોઈપણ શરતવાળું કે અધૂરું ભરેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.
7. **ઠેકેદારે તેનું ગાડી ભાડાનું પાકું બીલ દર મહિને ત્રણ નકલોમાં નીચેની વિગતો સાથે આપવાનું રહેશે. જેનું ચુકવણું બીલ મળ્યા પછી એક માસની અંદર એકા. પેના ચેકથી અથવા આર.ટી.જી.એસ. કે નેફટ થી કરવામાં આવશે.**
8. તમોએ ભાડે મુકેલ વાહનનો સંપુર્ણ વીમો લેવાનો રહેશે અને વીમો લીધાની નકલ એગ્રીમેન્ટ કરતી વખતે રજુ કરવાની રહેશે. તેમજ વિમાની મુદત પુર્ણ થાય તે તારીખથી નવો વીમો લેવામાં આવે તે સમય ગાળા દરમ્યાન તમારા ભાડે રાખેલ વેહિકલેમાં મુસાફરી કરી રહેલ અમારા સ્ટાફને ઘાતક/બિન ઘાતક કોઈ અકસ્માત થશે તો તે અંગેની સઘળી જવાબદારી તમારા શીરે રહેશે. જેની ગંભીર નોધ લેવી. આવી પરિસ્થિતી ન ઉદભવે તે માટે તમોએ સમયસર તમારા વેહિકલેનો સંપુર્ણ વીમો કઢાવી લેવો.
9. આપની જીપ(ટેક્ષી/મેક્ષી) યુ.જી.વી.સી.એલ. ના અધિકારી માંગે ત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે. સામાન્ય રીતે તેનો સમય સવારના ૮:૦૦ કલાક થી સાંજના ૮:૦૦ કલાક સુધી રહેશે. પરંતુ ઈમરજન્સીમાં વધારે સમય જીપની જરૂર પડે તો તે પ્રમાણે આપવાની રહેશે. સમય ચોક્કસતાના પ્રમાણે દિવસ દરમ્યાન ૧૨ કલાક ભરેલા ભાવ પ્રમાણે કામ કરવાનુ રહેશે.
10. આપે ભરેલ ટોલ ટેક્ષ /બ્રિજ ટેક્ષની પાવતીની નકલ બીલ સાથે બીડવી જરૂરી છે. જે આપના બીલ સાથે પરત કરી શકાય.
11. સદરહું કોન્ટ્રાક્ટ માટે આપે આપને મળેલ ઓર્ડરના ૫% પ્રમાણે કંપનીમાં સિક્યોરિટી ડિપોઝિટ પેટે ભરવાના રહેશે. જો ઠેકેદાર અધવચ્ચે કોન્ટ્રાક્ટ રદ કરીને ચાલ્યા જશે અથવા અન્ય શરતો નો ભંગ કરતા જણાશે તો ડિપોઝિટ જપ્ત કરવાને પાત્ર થશે.

12. કંપની જ્યારે પોતાનુ વાહનપુરુ પાડે અથવા આપના વાહનની જરૂરિયાત ઉભી ન થાય તો કંપની કોઈપણ સમયે કોઈપણ જાતની નોટિસ આપ્યા સિવાય આપેલ મુદત દરમ્યાન કોન્ટ્રાક્ટ રદ બાતલ કરી શકશે.
13. સમાન્ય પ્રશ્નોના નિરાકરણ માટેની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.
14. કદાચ કોઈ કાનૂની ગૂંચ ઉભી થાય તો પાટણ કોર્ટની હકુમત માન્ય રખાશે.
15. સામાન્ય રીતે આપનું વાહન સવારે ૮:૦૦ વાગે અમારી જે તે ઓફિસે અથવા અધિકૃત અધિકારીના આદેશ મુજબ હાજર રાખવુ પડશે.
16. ઠેકેદારે વાહન ઉપર આગળના ભાગે " **ON DUTY UGVCL**" ચોખ્ખું વાંચી શકાય તે રીતે લખવાનુ રહેશે. તે ઉપરાંત સાથે સ્પેર વ્હીલ તથા બીજા તાત્કાલિક મરામત કરી શકાય તેવા સાધનો ગાડીમાં રાખવાના રહેશે.
17. આપના વાહન માટે જરૂરી ડીઝલ, ઓઇલ, સ્પેર પાર્ટસ માટેના સઘળા ખર્ચની જવાબદારી આપની રહેશે.
18. આપે આપની ગાડીમાં અધિકૃત અધિકારીની સુચના મુજબ કચેરીના માણસો તથા જરૂરી માલસમાન લઇ જવા દેવો પડશે. તથા માલ-સમાન લાવવા-લઇ જવા માટે **ગાડી ઉપર કેરિયર લગાવેલ ગાડી** પુરી પાડવી પડશે.
19. ઠેકેદારે તેમનું બીલ માઈલોમીટર મુજબના કી.મી. ના આંક પ્રમાણે ચૂકવવામાં આવશે. કદાચ જો માઈલો મીટર બંધ હશે અથવા અયોગ્ય રીતે ફરતું જણાશે તો તે માટેના કી.મી. યોગ્ય ગણતરી કરી નીચે સહી કરનાર અધિકારીની સુચના મુજબ ગણવામાં આવશે. ઠેકેદાર ગાડીનું ચેઇનોમીટર દર છ માસે કેલિબ્રેશન કરાવવાનું રહેશે, જેનું સર્ટિફિકેટ અત્રેની કચેરીએ જમા કરાવવાનું રહેશે.
20. ઠેકેદારે વાહનને સંજોગોવસાત જો કોઈપણ જાતની ઘાતક અથવા બિનઘાતક અકસ્માત થશે તો તેના વળતરની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદારના શીરે રહેશે.
21. કોઈપણ જાતના કારણ આપ્યા સિવાય એક જ અથવા બધાજ જ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રી ને અબાધિત રહેશે.આ બાબતે આપનો કોઇ હક્ક દાવો માન્ય રખાશે નહીં.

22. આપે રોકેલ ડ્રાઇવરની કામગીરી અંગે કદાચ કોઇ અસંતોષ અથવા કોઈપણ જાતની ફરિયાદ ઉદભવશે તો અધિકારીની સુચના મળ્યેથી ડ્રાઇવરને તાત્કાલિક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે.
23. ટેન્ડર લેતી વખતે જે ગાડીના દસ્તાવેજ પુરા આપ્યા હશે તેજ ગાડી આપવાની રહેશે. કદાચ સંજોવસાત ગાડી બદલવાની જરૂરિયાત ઉભી થાય તો નીચે સહી કરનાર અધિકારીની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે.
24. આપનું વાહન જ્યારે મુસાફરીમાં હોય ત્યારે ડીઝલ ખરીદવા, રિપેરિંગ કરાવવા તથા અન્ય ખર્ચ માટે આપે આપના ડ્રાઇવર પાસે પુરતા નાણાં આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.
25. રાત્રિ દરમ્યાન આપનુ વાહન લાઇનમાં વિક્ષેપ નિવારણ તથા બીજા કોઈપણ કામકાજ માટે બોલાવવામાં આવશે તો તે કામ પુરુ થાય ત્યા સુધી વાહન રોકી રાખવામા આવશે. આ માટે રાત્રિના ૮:૦૦ થી બીજા દિવસના ૮:૦૦ દરમ્યાન ચાર કલાક કે તેથી વધુ વેહિકલ ની સેવા પુરી પાડેલ હશે તો જ નાઈટ ચાર્જ માટે પાત્ર ગણાશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો પ્રત્યક રાત્રિના રૂ. ૧૫૦૦.૦૦ + જી.એસ.ટી. પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશે. તેમજ અવેજીમાં કરેલ વાહનનું ભાડુ પણ આપે ચુકવવાનું રહેશે.
26. ઠેકેદારે વાહન ઉપર ફરજિયાત ફાસ્ટટેગ લગાવવાનું રહેશે. કંપની દ્વારા ઉપયોગમાં લીધેલ વાહનનો ટોલટેક્સ કપાયેલ હશે તો જો ઠેકેદારે ટોલટેક્ષ નાણાં પરત લેવા માટે કપાયેલ ટોલટેક્ષ સ્ટેટમેંટ અથવા પાવતી જોડવાની રહેશ. ત્યાર બાદ જરૂરી ચકાસણી કર્યા બાદ બિલમાં આપવામાં આવશે.
27. જી.એસ.ટી. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર અને તારીખ ફરજીયાત રજુ કરવાનુ રહેશે. જો જી.એસ.ટી. નંબર લીધેલ નહીં હોય તો સરકારશ્રીના નિયમ મુજબ જીએસટી ઠેકેદારના બીલમાંથી વસુલ કરવામાં આવશે.
28. વેહિકલ માલિકે ઇન્કમટેક્ષ કાપવા માટે પોતાનું પાનકાર્ડ આપવાનું રહેશે. જો પાન કાર્ડ નહીં આપવામાં આવે તો ૨૦% ઇન્કમટેક્ષ કાપવામાં આવશે.
29. ડ્રાઇવરને અઠવાડીક એક રજા આપવાની જવાબદારી ઠેકેદારની રહેશે.
30. ડ્રાઇવરે મોબાઇલ ફોન રાખવાનો રહેશે.

31. ડ્રાઇવરની કામગીરી અંગે અસંતોષ અથવા કોઈપણ જાતની ફરિયાદના અનુસંધાનમાં અધિકારીશ્રીની સુચના મળ્યેથી ડ્રાઇવર તાત્કાલિક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે.
32. ઠેકેદારે ગાડીમાં GPS સિસ્ટમ પોતાના ખર્ચે લગાવાની રહેશે અને બિલ પાસ કરાવતી વખતે લૉગ બૂક સાથે GPS રિપોર્ટ સામેલ કરવાનો રહેશે.
33. જો વાહન માલીક કરાર ચાલુ રાખવા ન માગતા હોય તો તેમણે ત્રણ માસની નોટિસ આપવી પડશે. તે પરિસ્થિતીમાં તેની સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.

ઉપરોકત **Annexture-A & B** ની તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અને તમામ હકીકત ઠેકેદારે વાંચી સમજીને કોઈપણ જાતના દબાણ વગર ટેન્ડર ભરીને સહી કરેલ છે, જે તેઓશ્રી ને માન્ય અને બંધનકર્તા રહેશે.

નોધ:- નવીન ગાડી લાવનાર ઠેકેદારે ટેન્ડર સાથે નવી ગાડી માટેનું કવોટેશન રજુ કરવાનું રહેશે તથા રૂ. ૫૦૦૦=૦૦ વધારાની ડિપોઝિટ ભરવાની રહેશે. ટેન્ડરમંજૂર થયેથી પંદર દિવસમાં નવું વાહન તથા દસ્તાવેજ નીચે સહી કરનાર અધિકારીશ્રીને રજુ કરવાના રહેશે.

**કાર્યપાલક ઇજનેર**
**યુજીવીસીએલ વિભાગીય કચેરી,પાટણ**

ઠેકેદારનું નામ: ______________________________

ઠેકેદારનું સહી: ______________________________

પુરૂ સરનામું: ______________________________

મોબાઇલ નં.: ______________________________